અરવલ્લી જિલ્લામાં તંત્રએ માનવતા નેવે મૂકી

મોડાસામાં હીજરતી પરિવારની વ્હારે કોઈ ન આવ્યું

મોડાસા, તા ૨૯

અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર માં આવેલ રાણાસૈયદ વિસ્તાર માં લઘુમતી કોમના બે જુથ વચ્ચે ઢોર બાંધવા જેવી નજીવી બાબત ની સામન્ય તકરારે વરવુ સ્વરૂપ ધારણ કર્યા બાદ માથાભારે એવા એક જુથે ઘરમાં ઘુસી જઈ ઘરો નુ તમામ રાચરચીલા ની થોફફોડ કરી અને સોના ચાંદીના ઘરેણા અને રોકડ ની લુંટફાટ કરી ને ૧૧ જેટલા પરીવાર ના લોકો ને જાનથી મારી નાખવાનો પ્રયાસ કરતાં આ ૧૧ પરિવાર ના૧૦૦ થી વધુ લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહયા છે અને રાણા સૈયદ વિસતાર માંથી હીજરત કરવાની ફરજ પડી હતી

હીજરત કરેલા પરીવારો હાલ છેલલા ૪ દિવસ થી ખુલ્લા ખેતર મા ઉપર આભ અને નીચે ધરતી ના સહારે તડકામાં ભય ના ઓથાર હેઠળ જીવી રહયા છે જયારે ૪ દિવસ જેટલો સમય ગાળો વિતવા આવ્યો હોવા છતાં પણ રાણા સૈયદ વીસ્તાર માં થી ભય ના મારે કુકરી ગામે હીજરત ખકરી ગયેલા ૧૦૦ જેટલા લોકો ની વ્હારે હજુ સુધી તંત્ર નો કોઈપ,ણ અધિકારી ફરકયા નથી જયારે બીજસી બાજુ આ ઘટનામાં જે ૫૬ વ્યકતીઓ સામે ગુનો નોધવામાં આવ્યો છે તે હજુ મોડાસા શહેર માં ખુલ્લેઆમ ફરી રહયા છે શુ અરવલલી જીલ્લા ની પોલીસ ને આ અરોપીઓ પકડવામાં કોઈ રસ નથી??? કે પછી પોલીસ ની અરવલ્લી જીલલા માં ગુનેગારો માં ધાક ઓછી થઈ રહી છે????? તે એક મોટો પ્રશ્ન છે ત્યારે હાલ આ હીજરતી પરીવાર ધ્વારા પોતાને જરૂરી સુરક્ષા સાથે પુનઃ સ્થાપન કરાવવા માટે રેન્જ આઈ જી હસમુખ પટેલ ને લેખીત માં રજુઆત કરી હોવાનુ જાણવા મળ્યુ છે બીજી બાજુ વહીવટી તંત્ર મીટીંગો કરવામાં અને સરકાર ના ઉત્સવો ની તેયારી ઓ કરવામાં વ્યસત છે ત્યારે હીજરત કરી ગયેલા આ ગરીબ ૧૧ પરીવાર ના ૧૦૦ લોકો કે જેમાં મહીલાઓ બાળકો નો સમાવેશ થાય છે તે દેખાતા નથી કે પછી તંત્ર ને આ હીજરતીઓ ની પડખે આવાની ઈરછા જ નથી તે ખરેખર એક ચર્ચા નો વિષય છે જયારે બીજી બાજુ ગુજરાત સરકાર મહિલાઓની સુરક્ષા ની વાતો કરી રહી છે ત્યારે રાણા સેયદ માં બનેલી ઘટના માં હુમલાખોરો ધ્વારા મોટાભાગે મહિલાઓ ઉપર હુમલો કરવાનુ જાણવા મળ્યુ હતુ ત્યારે શુ અરવલલી જીલલા માં પણ યુપી બિહારવાળા દિવસો નજીક આવી ગયા છે તેવુ સ્પસ્ટ પણ દેખાઈ રહયુ છે ત્યારે મહિલા સુરક્ષા ની વાતો કરતી સરકાર આ હિજરત કરી ગયેલા પરીવાર નુ જલ્દી થી પુનઃસ્થાપન કરાવશે ખરી???? ત્યારે હાલ તો આ પરીવાર ભયના ઓથાર હેઠળ જીવી રહયો છે અને હમણાં વહીવટી તંત્ર તરફથી કોઈ મદદ મળશે તેની રાહ જોઈ ને બેઠુ છે ત્યારે હવે આગામી સમય માં જોવુ રહયુ કે શુ પોલીસ આ હીજરતીઓ ને સુરક્ષા મુહેયા કરાવીને પુનઃસ્થાપન કરાવશે કે નહી.

૪ દિવસ વિતવા છતાં પણ તંત્રના કોઈ અધિકારી ધ્વારા હિજરતીઓની તસ્દી સુધ્ધા ન લીધી : આરોપીઓ ખુલ્લેઆમ ફરી રહયા છે છતાં પોલીસ પકડ થી કેમ દુર ? : અરવલ્લી પોલીસનો ગુનેગારોમાં ડર ઓછો થઈ રહયો છે કે શુ ?

આરોપીઓ ખુલ્લેઆમ ફરી રહયા છે, જ્યારે નિદોર્ષ પરીવારોને હીજરત કરવાનો વારો આવ્યો

રાણા સૈયદ વીસ્તાર ના લઘુમતી કોમના માથાભારે જુથના સભ્યો ધ્વારા ગઈ કાલે રાત્રે લઘુમતી કોમના જ બીજા જુથના ૧૧ ઘરો માં લુટ ફાટ કરી મકાનો માં તોડફોડ કરી ને કહેર વર્તાવ્યો હતો ત્યારે અને જાનથી મારી નાખવાની કોશીસ કરવામાં આવી હતી ત્યારે આ અંગે ૫૬ વીરૂધ્ધ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશને પીએસઆઈ દેસાઈ ધ્વારા લુટ ધાડ અને રાયોટીગ સહીત ની કલમો હેઠળ ગુનો નોધવામાં આવ્યો છે.પરંતુ આજે ૪દિવસ જેટલો સમયગાળો વીતી ગયો હોવા છતાં પોલીસ આ માથાભારે તત્વો ને પકડવામાં નીષ્ફળ રહી છે જયારે હાલ આ માથાભારે તત્વો ખુલ્લેઆમ ફરી રહયા છે અને નીર્દોષ પરીવારો ને હીજરત કરવાનો વારો આવયો છે તયારે પોલીસ ની કામગીર ને લઈ ને લોકો માં નારાજગી ફેલાઈ છે.

ડીસાના ભાદરા ગામે ૧૫ વર્ષીય સગીરાનું અપહરણ

ડીસા, તા. ૨૯

ડીસા તાલુકાના ભાદરા ગામે રહેતા એક ખેડૂત પરિવારની માત્ર ૧૫ વર્ષીય સગીરાનું એક માસ અગાઉ ૧૦ જેટલા આરોપીઓએ એકબીજાની મદદગારી કરી લગ્નની લાલચે અપહરણ કર્યુ હતું. જોકે આ મામલે પીડિત પરિવાર દ્વારા સહુ પ્રથમ આગથળા પોલીસમાં ફરિયાદ માટે રજૂઆત કરાઈ હતી જો કે જે તે સમયના પી.એસ.આઈ.એ કોઈ અગમ્ય કારણોસર ફરિયાદ ન નોંધતા આ મામલે પીડિત પરિવારે નામદાર હાઈકોર્ટમાં ન્યાય માંગ્યો હતો. જે બાદ હાઈકોર્ટની દરમ્યાનગીરીએ આ મામલે ફરિયાદ નોંધાઈ છે.

હાઈકોર્ટની દરમ્યાનગીરીએ ૧૦ વિરૂદ્ધ નોંધાઈ ફરીયાદ

ડીસા તાલુકાના ભાદરા ગામે એકાદ માસ અગાઉ એક ખેડૂત પરિવારની માત્ર ૧૫ વર્ષીય સગીરાને બાજુના ધુનસોલ ગામનો પ્રકાશ અનારજી ઠાકોર નામનો યુવક લગ્નની લાલચ આપી, ફોસલાવી ભગાડી ગયો હતો. આ મામલામાં સગીરાના પરિવારજનોએ પ્રથમ આગથળા પોલીસમાં ફરિયાદ માટે તજવીજ હાથ ધરી હતી. જોકે પોલીસે માત્ર જાણવા જોગ ફરિયાદ લીધી હતી. જેથી નારાજ પીડિત પરિવારે આ મામલે પોતાના એડવોકેટ આર.બી. ઠાકોર મારફતે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશીયલ ક્રિમીનલ પીટીશન ફાઈલ કરી હતી. જેમાં હાઈકોર્ટ જસ્ટીસ જે.બી. પારડીવાલાએ આ ગંભીર ક્રાઈમમાં આગથળા પોલીસ ઈન્સ્પેક્ટર અને બનાસકાંઠા એસ.પી.ને ખાસ સુનાવણીમાં આ મામલે પીડિત પરિવારને ન્યાય આપી એફ.આઈ.આર. નોંધવા એદશ કરતા આ મામલે આગથળા પોલીસે આરોપી એવા પ્રકાશજી અનારજી ઠાકોર, ડાહ્યાજી રવજી ઠાકોર, લીલાજી રવાજી ઠાકોર, ગુગાજી અમીચંદ ઠાકોર, રવાજી ભીખાજી ઠાકોર, અલ્પેશજી અનારજી ઠાકોર, ઈન્દુબેન ડાહ્યાજી ઠાકોર, મનુબેન અનારજી ઠાકોર, પ્રહલાદજી અમીચંદ ઠાકોર, નરસિંહજી બીજોલજી ઠાકોર તમામ રહે. ધુણસોલ તાલુકો ડીસા વિરૂદ્ધ અપહરણ અને સગીર બાળકો વિરૂદ્ધ જાતીય સતામણી સામે રક્ષણ બનેલ પોસ્કો કલમ ૩ સી મુજબ ફરીયાદ નોંધી છે. જેની તપાસ પી.આઈ. રાઠોડ ચલાવી રહ્યા છે. જોકે ગુનાને એક મહિનો થયા છતાં તેમજ હાઈકોર્ટની દરમ્યાનગીરીએ ફરિયાદ નોંધાયા છતાં પોલીસ હજુ સુધી ગુનેગારો ન ઝડપી શકતા સગીરાનો પરિવાર ચિંતિત બનેલ છે.

દલપુર ગામે જોગણીમાતા મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ દલપુર નજીક જગજનની જોગણીમાતાના મંદિર અને મૂર્તિઓનો દ્વિદિવસિય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૭-૨૮ સપ્ટેમ્બરે વિવિધ ધાર્મિક વિધિવિધાન કાર્યક્રમો સાથે સંપન્ન થયો હતો. જેમાં સંતો મહંતો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જંગલમાં મંગલ કરનાર પૂ. સંત ચંદ્રમાગીરી મહારાજના પ્રયાસોથી આ ધાર્મિક સ્થળે રામરોટી, પક્ષીચણ, સેવા સહિતની ધાર્મિક પ્રવૃત્તિઓ થાય છે. જ્યારે અગિયાર જેટલા બ્રહ્મદેવો દ્વારા શાસ્ત્રોક્ત વિધિવિધાન પ્રમાણે ગણપતિદાદા, ભૈરવદાદા, હનુમાનજી અને જગત કલ્યાણ જોગણી માતાની પ્રાણ પ્રતિષ્ઠા કરાવી હતી.

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ.યુનિટ ધ્વારા તાજેતરમાં રક્તદાન કેમ્પ યોજાયો હતો. કોલેજના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ રક્તદાન કર્યુંહતું. ૨૫ બોટલ રક્તદાન એકત્ર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી સ્ટાફ, રોટરી ક્લબ પ્રમુખ ભીખાભાઈ પટેલ, ખજાનચી જયેશભાઈ પટેલ, સભ્ય પ્રફુલ્લભાઈ વ્યાસ, કોલેજ પ્રિન્સિપાલ ર્ડા.કલ્પનાબેન પટેલ, પ્રોગ્રામ ઓફીસર મહેશભાઈ પી.વર્મા, સ્ટાફગણ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભિલોડા આર.જી.બારોટ બી.એડ. કોલેજમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ બી.એડ.કોલેજમાં શૈક્ષણિક વર્ષ-૨૦૧૫-૧૬ નો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આર. જી.બારોટ બી.એડ. કોલેજ સ્ટાફ પરીવાર, સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીભાઈ બારોટ, કેમ્પસ ડાયરેક્ટર દેવાંગ બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, કેમ્પસની વિવિધ ફેકલ્ટીના આચર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મેઘરજની પિસાલ પ્રાથમિક શાળામાં ચાર માસથી ગણિત-વિજ્ઞાનના શિક્ષક ગેરહાજર

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પિસાલ ગામે ધોરણ-૧ થી ૮ સુધીની પ્રાથમિક શાળાના વર્ગોમાં છેલ્લા ચાર માસથી ગણિત-વિજ્ઞાનના શિક્ષકની નિમમૂંક થયા છતાં શિક્ષક હાજર ન થતાં ધોરણ-૬ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બનતા ગામના વાલીઓએ ૭ દિવસમાં પ્રાથમિક શાળાના મકાનને તાળાબંધી કરી ચિમકી ઉચ્ચારી છે.

મેઘરજ તાલુકાના સૌથી વધુ આદિવાસી સમાજના લોકોની વસાહત છે. મેઘરજ તાલુકાના અંતરિયાળ ગામોમાં શિક્ષકોની અનિમિયતતા ખૂબ વધારે પ્રમાણમાં હોવાની જાણકારી આધારભૂત સૂત્રો દ્વારા મળી હતી. મેઘરજ તાલુકામાં ૨૪૮ જેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે અને કેટલીક પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૬ થી ૮ ધોરણના વર્ગો ચાલી રહ્યા છે. જેમાં ધો-૬ થી ૮ના વર્ગો માટે ગણિત-વિજ્ઞાનના શિક્ષકોની નિમણૂંક કરવામાં આવી છે. મેઘરજ તાલુકાની પિસાલ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮ ના વર્ગો ચાલી રહ્યા છે જેમાં ચાર માસ જેટલા વધુ સમયથી ગણિત-વિજ્ઞાનના શિક્ષક હાજર ન રહેતા હોવાથી વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બન્યું છે. મેઘરજ તાલુકાનિ પિલાસ પ્રાથમિક શાળામાં ધો-૬ થી ૮ માં ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકે નિમણૂક પામેલા બાકરોલીયા મોયુદીન ગત જૂન મહિલાની ૯ તારીખથી શાળામાં હાજર રહ્યા નથી તેમજ આટલા લાંબા સમયથી ગેરહાજર રહેલ બાબતે શાળાને કોઈ જાણકારી આપી નથી. પિસાલ પ્રા. શાળામાં ધો-૬ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીનું ભાવિ અંધકારમય બની ગયું છે. ગામ લોકોનાં જણાવ્યાં અનુસાર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને ડિજિટલ બનાવવા મથામણ કરી રહ્યા છે ત્યારે શાળામાં અભ્યાસ કરતાં બાળકો માટે શિક્ષકો પણ પર્યાપ્ત રહેતા નથી. ગુજરાતના વિકાસ મોડેલનો વરવો નમૂનો ગામડાઓમાં આવે તો જ ખબર પડે તેમ છે. ગામ લોકો અને શાળાના આચાર્ય દ્વારા આ અંગે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિતમાં જાણ કરવા છતાં વિદ્યાર્થીઓના ભાવિ અંગે નક્કર પગલાં ન ભરાતા આગામી ૭ દિવસમાં શાળાની તાળાબંધી કરવામાં આવશે.

અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારી ઝાલાના જણાવ્યા અનુસાર

પિસાલ પ્રાથમિક શાળાના ધોરણ-૬ થી ૮ ના ગણિત-વિજ્ઞાનની સતત શાળામાં ચાર માસથી ગેરહાજર રહેતા આ અંગે (શિક્ષણાધિકારી અવવલ્લી જિલ્લા) નો સંપર્ક કરતા જણાવ્યું હતું કે આ અંગે મને તાલુકા શિક્ષણાધિકારી દ્વારા ધ્યાન દોરતા આ અંગેની તપાસ મેઘરજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને સોંપવામાં આવી છે અને તપાસપૂર્ણ થયા બાદ કાર્યવાહી હાથ ધરાશે. 'મેઘરજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી પિસાલ પ્રાથમિક શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષક અંગે નક્કર કાર્યવાહીના બદલે એકબીજાને ખો આપી રહ્યા છે. બંને અધિકારીઓ જવાબાદરીમાંથી છટકવાનો પ્રયત્ન કરતા હોય તેવું લાગી રહ્યું છે. પરંતુ બંને અધિકારીઓ એકબીજા પર જવાબદારીનો ટોપલો ઢોળતા હોય તેવું લાગી રહ્યું છે. જયારે બીજી બાજુ શાળાના ૫૪ છાત્રોનું ભવિષ્ય ભગવાન ભરોસે હોય તેવું હાલ પૂરતું લાગી રહ્યું છે.'

વધુ સુનાવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાના પ્રયાસો રાજય સરકાર અને અન્ય પાર્ટીએ પણ કરવા જોઈએ. ગાંધીનગરના રેન્જ આઈજી હસમુખ પટેલ અને અરવલ્લી જિલ્લાના એસપી મયુરસિંહ ચાવડા કોર્ટરૂમમાં ઉપસ્થિત રહ્યા હતા. કોર્ટે આ મામલાને વધારે આક્રમક ન બનાવવા માટે સુચના આપી હતી. આ કેસમાં સરકાર તરફથી રજુઆત કરવામાં આવી હતી કે, સત્યને બહાર આવવા દેવાની જરૂર છે. આક્ષેપોના કારણે પોલીસના નૈતિક જુસ્સાને અસર થઈ છે. આ મામલામાં હવે ૮મી ઓક્ટોબરે વધુ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે.

સંવેદનશીલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી છે. જે પૈકી ૨૨૦૦ થી પણ વધુ પાત્રોમાં મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા છે.

તંત્રએ ૨૨૦૦ થી પણ વધુ ખાડાઓમાં ભરાતા વરસાદી પાણીનું નિરીક્ષણ કરતાં ૪૦થી વધુ ખાડાઓમાં મચ્છરોના બ્રિડીંગ મળ્યા હતા.

આમ શહેરમાં જાહેર મિલ્કતો અને ખાનગી મિલ્કતોમાંથી જે રીતે મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે તે એક વાતનો સ્પષ્ટ પુરાવો છે કે ગાંધીનગર શહેર વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ બની ગયુંછે.

શહેરમાં મેલેરિયાના કેસો આ વખતે ઓછા જોવા મળી રહ્યા છે. જોકે ડેન્ગ્યુના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. શહેરમાં ૧૧ કેસો ડેન્ગ્યુના નોંધાયા છે. જોકે બિનસત્તાવાર આંક ૪૨ કરતાં વધુ હોવાનો જાણવા મળેલ છે. શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસોમાં ૨૦ટકાથી પણ વધુનો વધારો નોંધાયાનો તંત્રના અધિકારીઓ આડકતરો એકરાર કરી રહ્યા છે.

વાંદરાઓના ત્રાસથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાંદરાઓ જરાય ડરતાં નથી. લાકડી લઈ ભગાડવા જાઓ તો સામા થાય છે. ક્યારેક તો વાંદરાઓના ટોળા વસાહતીઓના આંગણામાં ઘુસી ફૂલ છોડને ભારે નુકશાન પહોંચાડે છે. ક્યારેક નાની મોટી ચીજવસ્તુઓ તોડી નાંખે છે તો ક્યારેક ટેલીફોન, ડીશ ટીવી, લાઈટના વાયરો ખેંચી નાખી વસાહતીઓને હેરાન કરે છે. વાંદરાઓના ત્રાસથી હવે વસાહતીઓ કંટાળી ગયા છે. વનવિભાગ વાંદરોના આ ત્રાસને દૂર કરવામાં સહારપ થાય તેવું સૌ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

વિશિષ્ટ પરિક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધારાના વર્ગો શરૂ કરવા ઉપરાંત શિક્ષકોની કસોટી યોજવા સહિતનો માસ્ટર પ્લાન અમલી બનાવાયો છે. ત્યારે સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અનુલક્ષી નગરના સેવાભાવી યુવાનો દ્વારા પણ નવતર કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ અંગે સચિન ઠક્કર ,વ્યોમ અમીન વિશાલ પટેલ,પ્રતિક જાની અને હુસેન પટેલની ટીમ દ્વારા શહેરની ૩૨ શાળોઓમાં ધોરણ -૩ થી ૮ માં અભ્યાસ કરતા ૬૧૪૫ વિદ્યાર્થીઓની પરિક્ષા લેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૩ ઓક્ટોબરના રોજ સવારે ૮ થી ૯ કલાક દરમિયાન આ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રવૃતિમાં નગરના અન્ય ૨૦૦ યુવાનો પણ વોલ્યનટર્સ તરીકે સેવા આપશે. આ કસોટીના અંતે પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીને સાઈકલનુ ઈનામ આપવામાં આવશે.

જયારે પરિક્ષા આપનારા તમામ સ્ટુડન્ટસને સ્ટેશનરીની કીટ અપાશે. વિદ્યાર્થીઓને સન્માનિત કરવા ટાઉનહોલમાં ટેલેન્ટ શો પણ યોજાશે. આ દરમિયાન વિદ્યાર્થીઓની આંતરિક શકિત નિખારવા સ્ટેજ પર વિવિધ કૃતિઓ રજુ કરવા પણ તૈયાર કરવામાં આવશે. આ યુવાનો દ્વારા શહેરમાં રખડતા અને ભીખ માંગતા શ્રમજીવી બાળકોને પણ શાળાનુ પગથિયુ ચઢાવવાનુ સમાજ ઉપયોગી અને પ્રેરણાદાયી કામ કરવામાં આવે છે.

રેપોરેટમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગલા લેવાઈ રહ્યા છે. હવે મુખ્ય ધ્યાન વર્ષ ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષના અંત સુધી ફુગાવાને ઘટાડીને ૫ ટકા સુધી લાવવાનો છે. રિઝર્વ બેંકનું વલણ યથાવત રીતે જારી રહેશે. રિઝર્વ બેંક નાણાકીય નીતિ સમીક્ષા જારી કરતીવેળા આર્થિક સ્થિતિને પણ ધ્યાનમાં રાખશે. ફુગાવાના સંદર્ભમાં આરબીઆઈએ કહ્યું હતું કે, કેટલાક સંજોગોના લીધે ફુગાવામાં ફેરફારની સ્થિતિ રહી શકે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર રાજન છેલ્લા કેટલાક દિવસથી નાણાં મંત્રાલય અને ઈન્ડસ્ટ્રી તરફથી દબાણ હેઠળ હતા. કારણકે નાણાં મંત્રાલય અને ઈન્ડસ્ટ્રી દ્વારા ઈકોનોમી રિકવરીની ગતિને ઝડપી કરવા વ્યાજદરમાં કાપની માંગ [illegible] ગતિની અસર પણ જોવા મળી રહી છે. ફુગાવો રેકોર્ડ નીચી સપાટી પર રહેતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. મંદીની સ્થિતીમાં વિકાસમાં તેજી [illegible] જો કે રાજને કેશ રીઝર્વ રેસિયોમાં કોઈ ફેરફાર કર્યા ન હતો. આ દૂર

જાહેર હરાજી

નોંધણી સર નિરીક્ષકની કચેરી, સ્ટેમ્પ અને [illegible] ખ-૫ સર્કલ પાસે, સેક્ટર-૧૪, ગાંધીનગર [illegible] ફર્નિચર સાથેનું નવું મકાન બાંધકામ કરવામાં આવેલ હોઈ કચેરીના જૂના ફર્નિચર જેવા કે, કબાટ, લાકડાના રેક, સ્ટીલના રેક, ટેબલ, ખુરશીઓ વિગેરે ચીજવસ્તુઓ / સાધનસામગ્રી જેવી છે તેવી હાલતમાં વેચાણ આપવાનું હોઈ વેચાણ કરવા માટે જાહેર હરાજી કરવાનું [illegible]

અત્રેની કચેરીના ઉપર જણાવેલ [illegible] ૧૯/૧૦/૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ છે. જે [illegible] ઈચ્છનાર ઈસમો / પેઢીઓ / સંસ્થાઓએ અત્રેની કચેરીની વહીવટી શાખામાં અરજી આપી તેઓનું ઉમેદવારી ફોર્મ ફી રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) ભરી મેળવી લેવાનું રહેશે. તેમજ હરાજીમાં હાજર રહેવા માટે ડીપોઝીટની રકમ રૂ. ૧૧,૫૦૦/- (રીફંડેબલ) 'નાયબ નોંધણી સર નિરીક્ષક, ગાંધીનગર'ના નામના નેશનલાઈઝ બેંકના ડીમાન્ડ ડ્રાફટથી તા. ૧૭/૧૦/૨૦૧૫ સુધીમાં જમા કરાવવાની રહેશે.

કોઈપણ ઈસમ / પેઢી / સંસ્થાએ બોલેલ હરાજીમાં ભાવ કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર અત્રેની કચેરીને રહેશે.

ઈચ્છા ધરાવનાર ઈસમો / પેઢીઓ / સંસ્થાઓએ ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧-૦૦ થી ૧૬-૦૦ કલાક દરમિયાન તા. ૩૦/૯/૨૦૧૫ થી તા. ૧૪/૧૦/૨૦૧૫ સુધીમાં અત્રેની કચેરીની રૂબરૂ મુલાકાત લઈ વેચાણ કરવામાં આવનાર ચીજવસ્તુઓ / સાધનસામગ્રીનું નિરીક્ષણ કરી શકશે.

સ્થળ : ગાંધીનગર | **સહી/-**
તા. ૨૮/૯/૨૦૧૫ | **નાયબ નોંધણી સર નિરીક્ષક**
માહિતી/૧૬૦૭/૨૦૧૫-૧૬ | **ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

વિચારોનાં મધુવનમાં (ચોથા પાનાનું ચાલુ....)

ગંભીર અને સુંદર હોય છે. જેનાં કારણે પુરૂષો તેમનાં તરફ આકર્ષાતા હોય છે.તે હંમેશા અસંતોષી રહે છે અને તેને મનાવવું એટલે વિશ્વની આઠમી અજાયબી સમાન લેખાવી શકાય છે. શંખિની પ્રકારની યુવતીઓને ખુશ કરવા માટે પુરૂષોએ હંમેશા તેમનાં આધીન રહેવું જોઈએ અને તેની ઈચ્છા અનુસાર વર્તવું જોઈએ.

બીજા ક્રમે છે. પુંશ્ચલી - પુંશ્ચલી વર્ગની સ્ત્રીઓ લજ્જાથી દુર જ રહે છે. તેનું મન હંમેશા વિલાસમાં ડુબેલું રહે છે. તેનો સ્વર તીખો હોય છે. તે પોતાનાં હાવભાવથી કટાક્ષ કરનારી તથા પોતાનાં પરિવાર માટે દુખનું કારણ બને છે. આ પ્રકારની યુવતીઓનાં લક્ષણો ૧૨ વર્ષની ઉંમરેથી જ દેખાવા લાગે છે. સાથે સાથે તે યુવાન પણ ઉંમર કરતા ઝડપી થાય છે. તે પોતાની મોટી અને સુંદર આંખોથી કોઈને પણ મોહમાં નાખી શકે છે.

ત્રીજા ક્રમે છે ચિત્રીણી- ચિત્રીણી પ્રકારની સ્ત્રીઓને ખુબ જ ભાગ્યશાળી માનવામાં આવે છે. જો તે કદાચ ગરીબ પરિવારમાં પણ જન્મે તો પણ તે રાણી જેવું જ સુખ ભોગવે છે. તેનાં અંગ ગોરા વર્ણનાં, અતિ કોમળ, આંખો ચંચળ તથા અવાજ કોયલ જેવો મધુર હોય છે. સામાન્ય રીતે તે હસમુખી હોય છે પરંતુ તેનો સ્વભાવ ક્યારેક વિચિત્ર વર્તન કરે તો ક્યારેક ચંચળતા દેખાડે છે. તેને બીજા લોકોની સેવા કરવી, શ્રૃંગાર કરવો, ગીત ગાવાનું પસંદ હોય છે. આવી યુવતીઓ જો કે પોતાનાં પતિ પ્રત્યે ખુબ જ વફાદાર હોય છે.

ચોથા ક્રમે છે હસ્તિની - હસ્તિની પ્રકારની યુવતીઓ દેખાવમાં થોડી સ્થૂળ પરંતુ આકર્ષક હોય છે. તેનો રસનો વિષય ભોજન હોય છે. તે જેટલું સારૂ ભોજન બનાવી શકે છે તેટલું જ સારું ખાઈ પણ શકે છે. જો કે સ્વભાવે આળસુ હોવાની સાથે સાથે નાસ્તિક પણ હોય છે. તેનાં પગની આંગળીઓ વાંકીચુકી હોય છે. પછીના ક્રમે છે પદ્મિની- પદ્મિની પ્રકારની સ્ત્રીઓને સાક્ષાત લક્ષ્મીનો અવતાર માનવામાં આવે છે. જે ઘરમાં તેનાં ચરણો પડે છે તે ઘર સુખ, સમૃદ્ધિ તથા શાંતિ આપોઆપ આવે છે અને તે ઘર સ્વર્ગ બની જાય છે. પહેલી નજરમાં જ તે ગમે તેવા વ્યક્તિને મોહી લે તેવી હોય છે. પદ્મિની સ્ત્રીઓ સુશીલ, ઘર્મમાં વિશ્વાસ રાખનારી, માતા -પિતાની સેવા કરનારી તથા અતિસુંદર હોય છે. તેનાં શરીરમાંથી કમળ સમાન ખુશ્બુ આવે છે. તે લાંબી તથા સુંદર વાળવાળી હોય છે. દેખાવમાં તે અત્યંહ મનોહર, સુંદર તથા મીઠા બોલી હોય છે.

પદ્મિની વર્ગની યુવતી પોતાની સુંદરતાથી મનુષ્ય તો ઠીક પરંતુ દેવતા, ગંધર્વ કે કોઈનું પણ મોહી શકે છે પરંતુ તે પતિવ્રતા હોય છે. તે પોતાનાં પતિને હંમેશા વફાદાર રહે છે. કોઈ પણ પરિસ્થિતીમાં તે બેવફાઈ કરતા મરવું પસંદ કરે છે. તેને લાલ વસ્ત્રો વધારે ગમતા હોય છે. જો કે પુરૂષ ખુબ જ ભાગ્યશાળી હોય તો જ તેને પદ્મિની પ્રકારની સ્ત્રીઓ મળે છે.

વેદમાં સ્ત્રીને ઉદ્દેશીને કહ્યું છે હે કીર્તિવાન સ્ત્રી! તું તેજસ્વીતાથી ભરપુર છે અને આ સમાજને અજ્ઞાન રૂપી અંધકારથી દૂર લઈ જવા માટે એક પ્રકાશી પ્રભાતનાસ્વરૂપમાં તારું આગમન થયું છે.આપણે કીર્તિવાન સ્ત્રીને આદર્શકર્મી કરતી જોઈ શકીએ છીએ. સ્ત્રી એ તેજસ્વીતાની પુત્રી અને મનોશક્તિની પર્યાય છે. તે સંપૂર્ણપણે માત્ર સત્ય અને સત્કર્મીનો માર્ગ અનુસરે છે. તે તેનું લક્ષ્ય જાણે છે અને કદાપી શિસ્તનો ભંગ કરતી નથી. આદર્શ વ્યક્તિઓનું સમગ્ર જગત કીર્તિવાન સ્ત્રીની કીર્તિને નમન કરે છે કે જેથી કરીને તે આપણને જ્ઞાન અને દૂરંદેશીથી પ્રકાશિત કરે. તે સમાજની આગેવાન છે અને દરેક વ્યક્તિને જ્ઞાન પ્રદાન કરે છે. તે સમૃધ્ધતાનું પ્રતિક અને તેજસ્વતાની પુત્રી છે. આપણે સ્ત્રીને માન આપીએ કે જેથી કરીને તે સમાજમાંથી અનિષ્ઠ વલણો અને ધૃણાનો નાશ કરે.